# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૫૯ તા..૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG –૩૯/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ભીમસીભાઈ પીઠાભાઈ સોલંકી હ. નારણભાઈ ભીમસીભાઈ સોલંકીગામ – આછિદ્રા

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: સોમવાર (૨૧-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૨-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની માળીયા હાટીના તાલુકાનાં સ.નં૧૨માં ખેતીના હેતુ માટેનું૩ ફેસ વિજ કનેક્શન નં. ૮૦૭૩૨૦૦૨૩૬૨ થી અમો અરજદાર ના નામે આવેલ છે. સરકારશ્રીની એચ વી ડી એસ યોજના ઘણા લાંબા સમયથી અમલમાં આવેલ છે. જેથી અમો અરજદારના શેઢા પડોસિઓએ આ યોજના અંતર્ગત અરજ અહેવાલ કરતાં તેઓના નામે સ્વતંત્ર ટી સી ફાળવવામાં આવેલ છે જેથી અમો અરજદારે પણ તા:-૧૫.૦૪.૨૦૧૯ ના રોજ અમારા સદરહુ ૩ ફેસ વિજ કનેક્શનને એચ વી ડી એસ યોજનામાં ટ્રાન્સફર કરવા માટે સ્થાનિક પી.જી.વી.સી.એલ

કચેરી ચોરવાડ માં અરજ અહેવાલ કરેલ પરંતુ તેઓ તરફથી કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી થી અમો અરજદારે મેનેજિંગ ડિરેક્ટરેશ્રી પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ કચેરી રાજકોટ તથા અધિક ઈજનેરશ્રી પી.જી.વી.સી.એલ.વર્તુળ કચેરી પોરબંદર ખાતે અરજ અહેવાલ કરેલ જેથી માંગરોળ ડિવિજન કચેરી તથા ચોરવાડ કચેરીના અધિકારીઓ તા. ૨૭.૦૫.૨૦૧૯ ની રોજ ઉપરોક્ત બાબતે સ્થળ રોજકામ કરેલ છે. જેની નકલ અમો અરજદાર ને આપેલ છે જ્યારે મારી બાજુમાં આવેલ ગેરકાયદેસર ટી સી નો રોજકામ કરેલ તેની નકલ અમોને આપેલ નથી કે આટલો લાંબો સમય થવા છતા અને રોજકામ કરી ગયેલ હોવા છતાં પણ કોઈ કાર્યવાહી આજ દિવસ સુધી થયેલ નથી.અમો અરજદારની બાજુમાં આવેલ સ.નં. ૧૦ ના ખેડુ ખાતેદાર જેસાભાઈ પીઠાભાઇ સોલંકી કે જેઓ અમારા શેઢા પાડોશી થાય છે તેઓને તથા અન્ય શેઢા પાડોશીઓને પણ સરકારશ્રી ની એચ વી ડી એસ યોજનાનો લાભ આપવામાં આવેલ છે જ્યારે અમો પણ તેઓના શેઢા પાડોશી થઈએ છે તેમ છતા અમો ખેડૂત પુત્રને સરકારશ્રીની સદરહુ યોજનાના લાભથી વંચિતરાખવામા આવેલ છે. અમોને જે ટ્રાન્સફોર્મર માથી પાવર સપ્લાય કરવામાં આવે છે તેમાથી અન્ય મોટા ભાગના ખેડૂતોને પણ પાવર સપ્લાય થાય છે અને તેમ વધુ પાવર સપ્લાય હોવાથી પૂરતા પ્રમાણ માં વૉલ્ટેજ ન મળતા હોવાથી અમારી સિંચાયની મોટર વારંવાર બળી જાય છે .અને અમારે વારંવાર મોટા ખર્ચા માં ઊતરવું પડે છે અને પાણી સિંચાય ના થવાથી તેમજ પાક ને સમયસર પાણી ન મળવાથી અમારો પાક નિષ્ફળ જાય અને તેમ અમો ખેડૂત પુત્રને નાણામાં ન વળી શકાય તેવો પારાવાર નુકશાન થાય છે. માળીયા હાટીના તાલુકાનાં આછીદ્રા ગામે રાજુભાઇ સામતભાઈ બારડે પોતાની જમીનમાં પ્રાઈવેટ ટી સી ની માંગણી કરેલ જેથી ચોરવાડ પી.જી.વી.સી.એલ. કચેરીએ તેમની અરજી નો સ્વીકાર કરેલ અને નિયમ મુજબ પોતાની જમીનમા જ સદરહુ ટી સી નાખવો જોઈએ પરંતુ રાજુભાઇ સામતભાઇ બારડે પોતાની લાગવગ લગાડી અને ચોરવાડ પી.જી.વી.સી.એલ. કચેરીના અધિકારીઓ સાથે મિલાપી જઈ સરકારશ્રીની ગૌચર જમીન આવેલ છે તે જમીનમાં ગેરકાયદેસર રીતે સદરહુ ટી સી નાખેલ છે અને તેમ ગૌચરની જમીનમાં બિનકાયદેસર ટ્રાન્સફોરમમર પી.જી.વી.સી.એલ કચેરી ચોરવાડે નાખી દીધેલ છે અને તેમજ સદરહુ ટ્રાન્સફોર્મર થી લઈ રાજુભાઇ સમતભાઇ બારડની જમીન સુધી આશરે ૩૦૦ મીટરનો જાહેર માર્ગ આવેલ છે એટલે પાવર સપ્લાય માટે ટી સી થી લઇ પોતાની જમીન સુધી એટલે કે ૩૦૦ મીટર સુધી અંડર ગ્રાઉન્ડ વિજ વાયર નાખેલ છે આ જાહેર રોડ ઉપર રોજે રોજ હજારો લોકો આવ-જા કરતાં હોય છે અને જો કોઈ અકસ્માત થાય તો મોટી જાનહાનિ થવાનો પૂરતો શંભવ છે .અને જો તેમ થાય તો તેનો જવાબદાર કોણ ? તે એક પ્રશ્ન છે.. જેથી હાલની આ અરજી લાવી અરજ કરવાની કે , સરકારશ્રીની એચ વી ડી એસ યોજનાના જે કોઈ નીતિનિયમો હોય તે અમો પાળવા તૈયાર છીયે અને જે કાઇ ચાર્જ હોય તે પણ ભરી આપવા તૈયાર છીએ જેથી અમો અરજદાર ને પણ અમારા શેઢા પડોસીઓને જે રીતે સરકારશ્રીની એચ વી ડી એસ યોજનાનો લાભ આપવામાં આવેલ છે તેમ અમો અરજદારને પણ એચ વી ડી એસ યોજના એટલે કે હળવા દબાણમાંથી ઉચ્ચ દબાણમાં પાવર સપ્લાય જે લાઇન ચાલુ છે તેમાથી ફાળવી આપવા નમ્ર અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી નારણ ભીમશી સોલંકી, મું. આછીદ્રા દ્વારા તા.: ૨૦/૦૧/૨૦૨૨ના રોજ કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢને સંબોધી એલ.ટી. કનેક્શન માંથી પ્રાઇવેટ ટી.સી. ફાળવી આપવા બાબત તેમજ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર રીતે નાખેલ ટ્રાન્સફોર્મર અંગેનો અહેવાલ નીચે મુજબ છે. અગાઉ અરજદારે તા.: ૧૫/૦૪/૨૦૧૯ના રોજ કરેલ રજૂઆત બાબતમાં અત્રેની કચેરી દ્વારા જરૂરી સ્થળ મુલાકાત લઇ અને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક :CHD/TECH/2428 તા.: ૧૪/૦૫/૨૦૧૯ થી અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવવામાં આવેલ હતો. જેની નકલ આ સાથે બીડાણથી સામેલ છે. તેમજ અન્ય કરેલ કામગીરીનો અહેવાલ જે અરજદારને આપવો જરૂરી ન હોય જેથી આપેલ નથી પરંતુ આ બાબતમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : CHD/TECH/2431 તા.: ૧૬/૦૫/૨૦૧૯થી આપશ્રીની કચેરીને અહેવાલ આપેલ છે.

3.૧ જે-તે સમયે એટલે કે વર્ષ ૨૦૧૫-૧૬માં સદર વિસ્તાર નાળીયેરીના ગીચ બગીચામાંથી હળવા દબાણની વીજ લાઈન પસાર થતી હોય અને સદર ગ્રુપનું સરકારશ્રીનીએચવીડીએસ યોજના હેઠળ તાંત્રિક રીતે કામગીરી શક્ય ન હોય જેના કારણોસર સદર ગ્રુપનું જેતે વર્ષમાં યોજનાકીય કામગીરી થયેલ ન હતી. હાલ આવી કોઈ ફરિયાદ સદર ગ્રુપ માંથી આવેલ નથી પરંતુ તેમ છતાં પણ રજૂઆત બાબતે પૂરતું ધ્યાન આપવામાં આવશે.

3.૨ માળિયા હાટીના તાલુકાના આછીદ્રા ગામે રાજુ સામત બારડને વર્ષ ૨૦૧૬માં તેઓનું મંજુર થયેલ ખેતીવાડી વીજ જોડાણ તેઓની માંગણી અનુસંધાને આપ્યામાં આવેલ હોય, ત્યારબાદ તા.: ૨૭/૦૫/૨૦૧૯ના રોજ ફરિયાદ અનુસંધાને વીજ ચેકિંગની કામગીરી કરી અને નિયમાનુસાર આગળની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હતી.વધુમાંસદર બાબતમાં કોઈ ફરિયાદ અનુસંધાને કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, કેશોદ દ્વારા જુલાઈ-૨૦૨૧ના રોજ સદર સ્થળની મુલાકાત લેતા પણ આ ટ્રાન્સફોર્મર ડીસકનેક્ટેડ હોય અને કેબલ કોઈ જોવા મળેલ નથી તેમજ વધુમાં હાલ તપાસ કરતા સાદર સ્થળ પર આર.સી.સી. રોડ હોય જેથી કેબલ જોવા મળેલ નથી.

3.3 અરજદારશ્રીની અરજી અનુસંધાને તેઓશ્રીને એચવીડીએસ યોજનાનો લાભ આપવા માટે હાલની સ્થિતિએ જોતા તેઓને એસપીએ યોજના હેઠળ મંજુર થયેલ રામસી જગમાલ બારડની લાઈનની કામગીરી કરવામાં શ્રી ભીમશી પીઠા સોલંકીને જે હળવા દબાણની વીજ લાઈન માંથી કનેક્શન મળે છે તે હળવા દબાણની વીજ લાઈનનું ૧૧ કેવી વીજ લાઈન સાથે થતું આંતર ક્રોસિંગ આવતું હોય સલામતીની બાબતને ધ્યાનમાં લઇ તેઓને અલગથી ટી.સી. આપીને યોજનાકીય લાભ આપી શકાય આ માટે શ્રી રામશી જગમાલ બારડના વીજ કનેક્શનની લાઈન ઉભી કરવા માટે કોન્ટ્રાક્ટરશ્રીને કામગીરી સોંપવામાં આવેલ હતી પરંતુ આ બાબતમાં અરજદારશ્રી દ્વારા તથા અન્ય દ્વારા વીજલાઈન ઉભી કરવામાં વાંધો લેતા સદર કેસ સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી, મેંદરડા દ્વારા આપવામાં આવેલ હુકમ અનુસંધાને કામગીરી કરવામાં પણ વાંધો પડેલ આથી શ્રી રામશી જગમાલ બારડ દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢમાં ફોરમ નોંધણી નં.: ૦૧૨/ક્વા-૨/૨૧-૨૨ થી ફરિયાદ નોંધાવેલ જે હુકમનામ અનુસંધાનેજરૂરી પોલીસ પ્રોટેક્શન રાખી

તા.: ૨૧/૧૦/૨૦૨૧ના રોજ કામગીરી કરાવવા જતા વાંધાકર્તાશ્રી દ્વારા કામગીરી કરવા દીધેલ ન હોય સંબંધિત ના.ઇ.શ્રી દ્વારા તા.: ૨૧/૧૦/૨૦૨૧ના રોજ પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી, ચોરવાડને લેખિત ફરિયાદ આપેલ હતી આ વાંધાકર્તાશ્રીમાં અરજદારશ્રી ભીમશી પીઠા સોલંકી હ. નારણ ભીમશી સોલંકીના માતૃશ્રી મણીબેન તેમજ તેઓના પત્ની વર્ષાબેન તથા વગેરે દ્વારા વાંધો લેવામાં આવેલ હતો.જરૂરી સાધનીક કાગળો આ સાથે બીડાણથી સામેલ છે.આથી અરજદારશ્રીની જે અરજી છે તેઓને એચવીડીએસ યોજનાનો લાભ જોઈતો હોય, સદર વીજલાઈનની કામગીરી પુર્ણ થયે કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર કાર્યવાહી કરવાથી આપી શકાય તેમ છે.

**:: હુકમ ::**

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલછે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ તેમજ પોરબંદર વર્તુળ કચેરી અધિક્ષક ઈજનેરશ્રી ની મદદ લઈ અને જરૂરી પોલીસ પ્રોટેકસનસાથે રાખી આ કામગીરી પૂર્ણ કરવી

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯